# Royal Secondary School - Dhoraji

**Round 3** | **Sub:- Gujarati** | **Date :- 23-01-25**

**Std - 10th E.M.** | **Marks :- 80** | **Time :- 3:00 Hour**

## વિભાગ - A [ગદ્ય વિભાગ]

**અ. નીચેના જોડકાં યોગ્ય રીતે જોડીને ફરીથી લખો :** **[3]**

| 'અ' (પાત્ર) | 'બ' (ઉક્તિ) |
|---|---|
| (1) તળશી વેવાઈ | (અ) "યવન ! તેથી હું અજ્ઞ નથી." |
| (2) ભદ્રંભદ્ર | (બ) "રાષ્ટ્રધ્વજને વીસરી ઘડી જંપી જા, દીપક." |
| (3) સર અમલ | (ક) "આ તો અમારી મોર્ય વે'તો થ્યો...." |
| | (ડ) "કાકા આ કયું વૃક્ષ છે ?" |

**બ. (i) નીચે આપેલા વિકલ્પોમાંથી યોગ્ય વિકલ્પ પસંદ કરી ખાલી જગ્યા પૂરો.** **[2]**

**(4)** ટિકિટ માટે ભદ્રંભદ્ર ........ શબ્દ પ્રયોજે છે. (નિમંત્રણ કાર્ડ, કંકોતરી, મૂલ્યપત્રિકા)

**(5)** અમૂલ ડેરીના સ્વપ્નદ્રષ્ટા ....... હતા. (વર્ગીસ કુરિયન, ત્રિભુવનદાસ પટેલ, વલ્લભભાઈ પટેલ)

**(ii) નીચે આપેલા વિધાનો ખરાં છે કે ખોટાં તે જણાવો.** **[2]**

**(6)** જેઠીબાઈ અને તેમના પતિ હીરા ઉધોગનું કારખાનું ચલાવતાં હતાં.

**(7)** રાષ્ટ્રધ્વજ ચઢાવતાં દીપકે પોતાનું માથું વધેર્યું.

**ક. નીચે આપેલા પ્રશ્નોના એક વાક્યમાં ઉત્તર આપો :** **[3]**

**(8)** 'સૂરજ તો બધે સરખો' પાઠના આધારે આગ્રામાં છોકરાંને શું જોવાની ઈચ્છા છે ?

**(9)** ઉધોગધંધા અને ટેક્નોલોજીની દષ્ટિએ કયો દેશ આગળ વધેલો છે ?

**(10)** 'ટિફિન' કૃતિમાં ગાય માટે કયો શબ્દ પ્રયોજાયો છે ?

**ડ. નીચે આપેલા પ્રશ્નોના બે – ત્રણ વાક્યોમાં ઉત્તર આપો : (ગમે તે બે)** **[4]**

**(11)** પોર્ટુગીઝ ઓફિસરો જેઠીબાઈના ઘર પાસેથી પસાર થતા ત્યારે શું કરતા ?

**(12)** બા નાનપણમાં મોટાને તેડતી ત્યારે કાન્તિના દિલમાં કેવો ભાવ જાગતો ?

**(13)** અંબારામ ભદ્રંભદ્રના વેગ માટે કઈ ઘટના યાદ કરાવે છે ?

**ઈ. નીચેના પ્રશ્નોના સવિસ્તાર ઉત્તર આપો : (ગમે તે બે)** **[6]**

**(14)** 'ઝબક જયોત' શીર્ષકની યર્થાથતા ચર્ચો.

**(15)** 'શરણાઈના સૂર' કૃતિના આધારે પિતાની વેદના આલેખો.

**(16)** બલાઈનો પ્રકૃતિપ્રેમ વર્ણવો.

## વિભાગ - B [પદ્ય વિભાગ]

**અ. નીચેના જોડકાં યોગ્ય રીતે જોડીને ફરીથી લખો :** **[3]**

| 'અ' (કૃતિ) | 'બ' (સાહિત્ય પ્રકાર) |
|---|---|
| (17) હાથ મેળવીએ | (અ) ગઝલ |
| (18) જીવમાં જીવ આવ્યો | (બ) લોકગીત |
| (19) તે બેસે અહીં | (ક) ઊર્મિકાવ્ય |
| | (ડ) સોનેટ |

**બ. (i) નીચે આપેલા વિકલ્પોમાંથી યોગ્ય વિકલ્પ પસંદ કરી ખાલી જગ્યા પૂરો.** **[2]**

**(20)** મોરલીનો નાદ ......... માં ગાજે છે. (ધરતી, દિશાઓ, ગગન)

**(21)** કવિ ........ નો દીપક કદી ન ઓલવાય એમ ઈચ્છે છે. (અંધશ્રદ્ધા, શ્રદ્ધા, નિરાશા)

**(ii) નીચે આપેલા વિધાનો ખરાં છે કે ખોટાં તે જણાવો.** **[2]**

**(22)** કડવા લીમડાની છાયા કડવી હોય છે.

(23) 'હાથ મેળવીએ' ! કાવ્યના કવિ અહીં અજાણી વ્યકિતનો હાથ માંગે છે.

**ક. નીચેના પ્રશ્નોના એક વાક્યમાં ઉત્તર આપો :** **[3]**

(24) 'મોરલી' કાવ્યમાં' વહાલો શબ્દ કોના માટે પ્રયોજાયો છે ?

(25) હાઈકુ સાહિત્યપ્રકારમાં કેટલા અક્ષરો હોય છે ?

(26) 'કયાં રે વાગી ?' કાવ્યમાં મોરલીના રાગને કેવો કહ્યો છે ?

**ડ. નીચેના પ્રશ્નોના બે – ત્રણ વાક્યમાં ઉત્તર આપો :(ગમે તે બે)** **[4]**

(27) 'પૂર્ણ ઘડા' દ્વારા કવિ શું કહેવા માંગે છે ?

(28) નાયિકા દીવાનખાનાની કઈ કઈ વસ્તુઓમાં શા માટે ફેરફાર કરે છે ?

(29) વરસાદ વરસવાથી પ્રકૃતિ પર તેની શી અસર થઈ ?

**ઈ. નીચેના પ્રશ્નોના સવિસ્તાર ઉત્તર આપો :(ગમે તે બે)** **[6]**

(30) 'જીવન અંજલી થાજો' શીર્ષકની યર્થાથતા ચર્ચો.

(31) માણસની સભાપાત્રતાની યોગ્યતા 'તે બેસે અહીં' ગઝલને આધારે સમજાવો.

(32) 'કયાં રે વાગી ?' કાવ્યનો મધ્યવર્તી વિચાર સ્પષ્ટ કરો.

## વિભાગ - C [વ્યાકરણ વિભાગ]

♦ **માગ્યા પ્રમાણે પ્રશ્નોના ઉત્તર લખો :** **[16]**

(33) **નીચેનામાંથી કયો શબ્દ 'શ્વેત' શબ્દનો સમાનાર્થી છે ?**

(અ) શ્યામ (બ) ધવલ (ક) સ્વચ્છ

(34) **નીચેનામાંથી સમાનાર્થી શબ્દનું કયું જોડકું ઉચિત નથી ?**

(અ) ભયંકર – ભયાનક (બ) ત્વરિત – ઝડપી (ક) ભીતર – બહાર

(35) **'મિત્ર' શબ્દનો વિરુદ્ધાર્થી શબ્દ શોધીને લખો.**

(અ) પત્ર (બ) અત્ર (ક) શત્રુ

(36) **નીચે વિરુદ્ધાર્થી શબ્દનાં જોડકાં આપ્યાં છે, તેમાં કયું જોડકું ઉચિત નથી ?**

(અ) સ્વાવલંબી × પરાવલંબી (બ) સ્વાર્થ ×પરમાર્થ (ક) પરાક્રમ × શૌર્ય

(37) **નીચેનામાંથી કઈ જોડણી સાચી છે ?**

(અ) વ્યથીત (બ) વ્યથિત (ક) વથિત

(38) ......... એ ગરીબોને મદદ કરી. – યોગ્ય જોડણી વડે ખાલી જગ્યા પૂરો.

(અ) સીંમતો (બ) શ્રીમંતો (ક) શિમંતો

(39) **નીચેનામાંથી 'પરીક્ષા' શબ્દની કઈ સંધિ યોગ્ય રીતે છોડેલી છે?**

(અ) પરી + ઈક્ષા (બ) પરિ + ઈક્ષા (ક) પરી + ક્ષા

(40) **નીચેનામાંથી કયો સમાસ દ્વંદ્વ છે ?**

(અ) પીતાંબર (બ) નર્મદા (ક) જન્મ–મૃત્યુ

(41) 'પૈસા બરબાદ કરવા' **રૂઢિપ્રયોગનો અર્થ આપો.**

(42) 'આપ સમાન બળ નહિ, મેઘ સમાન જળ નહિ.' – **કહેવત સમવજાવો.**

(43) 'કૃષ્ણ મોરલી વગાડે છે.' – **કર્મણિવાકય બનાવો.**

(44) 'મેં નિબંધ લખ્યો.' – **પ્રેરક વાકય બનાવો.**

♦ **નીચે આપેલ વાકયમાં રેખાંકિત વિશેષણના પ્રકાર જણાવો.**

(45) 'ત્રણ–ત્રણ વાર દાદ આપવા છતાં રમઝુએ શરણાઈ બંધ કરી નહિ.'

♦ **નીચેનામાંથી અવિકારી વિશેષણ શોધીને લખો.**

(46) (અ) ખરાબ (બ) મોટું (ક) ઝીણું

**(47)** 'માંડવો વધાવાઈ ગયો' યોગ્ય **વિરામચિહ્નો મૂકી વાકય ફરીથી લખો.**

**(48)** **કયાં ચિહ્નો જોડમાં જ વપરાય છે ?**

**(અ) ઉદ્ગાર ચિહ્ન** **(બ) અવતરણ ચિહ્ન** **(ક) પ્રશ્નાર્થ ચિહ્ન**

## વિભાગ - D [અર્થગ્રહણ / લેખન]

**49.** **નીચે આપેલ ગદ્યખંડનો આશરે ત્રીજા ભાગમાં સંક્ષેપ કરી તેને યોગ્ય શીર્ષક આપો :** **[4]**

''પુસ્તક આધુનિક માનવીને આનંદ આપનાર સૌથી ઉમદા અને સૌથી શિષ્ટ સાધન છે. તેનો આનંદ અનેરો હોય છે. પુસ્તકની પ્રશસ્તિ કરીએ એટલી ઓછી. માણસને એની એવી મહોબ્બત છે કે પુસ્તક સાથે તે હસે છે, રડે છે, ઉદાસ થઈ જાય છે, આનંદ પામે છે. પુસ્તકની હાજરીમાં પોતાની જાત સાથે વાતો કરવા લાગે છે અને પોતાની જાતને કયારેક તો માત્ર પુસ્તક પાસે જ તે ખુલ્લી કરે છે. પુસ્તક માનવીને માટે દિલોજાન દોસ્ત છે. પુસ્તક એક વિસ્મયકારક વસ્તુ છે. તેને ભૌતિક શરીર હોય છે અને તેને આત્મા પણ હોય છે. વિચારો, લાગણીઓ, ધબકારા, જ્ઞાન, માહિતી, કંઈ કેટલુંય સંયોજિત થઈને તેમાંથી પુસ્તક બને છે. તેની સાથે તમે વાતો કરી શકો છો, સફર કરી શકો છો. દીવાની પાસે એકલા બેઠા હોઈએ અને સાથે પુસ્તક હોય એના જેવો આનંદ દુનિયામાં એકે નથી.

મોહમ્મદ માંકડ

**50.** **આપેલા મુદાઓ પરથી વાર્તા લખી અને તેમાંથી મળતો બોધ લખી તેને શીર્ષક આપો :** **[4]**

**મુદાઃ** એક રાજા – એશઆરામવાળી જિંદગી – ઊંઘ ન આવવી – ચિંતા થવી –અનેક પ્રકારની દવા કરાવવી – અનેક વૈદોને બોલાવવા – નિષ્ફળતા – એક વૈદની યુકિત – જાદુઈ ગેડી દડો અને દવાની ભૂકી રાજાને આપવાં – ગેડી દડાની રમતથી રોગ દૂર થવો – વૈદને ઈનામ – બોધ.

**51.** તમારી શાળામાં યોજાયેલ રમતોત્સવનો અહેવાલ આશરે 100 શબ્દોમાં લખો. **[4]**

**52.** **નીચેની પંક્તિઓનો વિચાર – વિસ્તાર કરો :** **[4]**

મરતાં મરતાં સંતો બીજાને સુખી કરે,
બળતાં બળતાં ધૂપ સુવાસિત બધું કરે.

**અથવા**

દુઃખીના દુઃખની વાતો, સુખી ના સમજી શકે;
સુખી જો સમજે પૂરું, દુઃખ ના વિશ્વમાં ટકે.

**53.** **નીચેનામાંથી કોઈ પણ એક વિષય પર આપેલ મુદાઓ આધારિત આશરે 200 શબ્દોમાં નિબંધ લખો :** **[8]**

મારો યાદગાર પ્રવાસ

**મુદાઃ** પ્રસ્તાવના – જીવનમાં પ્રવાસનું મહત્ત્વ – જોયેલા સ્થળનું વર્ણન – અનુભવો – ઉપસંહાર

**અથવા**

માતૃપ્રેમ / મા તે મા

**મુદાઃ** પ્રસ્તાવના – બાળઉછેર – બાળકમાં સંસ્કાર સિંચન – માનો નિઃસ્વાર્થ પ્રેમ – સઘળાં જીવોમાં માની મમતા – ઉપસંહાર

**અથવા**

તમને શું ગમે ? ઓનલાઈન કે ઓફલાઈન શિક્ષણ .........

**મુદાઃ** પ્રસ્તાવના –ઓનલાઈન/ઓફલાઈન શિક્ષણના ફાયદા – ગેરફાયદા – ઉપસંહાર

***Best of Luck***